INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૭-૧૧-૨૦૨૪**

મહીસાગરના કલેક્ટર દ્વારા દલિત સમાજના અરજકર્તા સાથે અપમાનિત વ્યવહાર અને સંસદે ઘડેલા કાયદા અંગેની ટિપ્પણીઓ સર્વિસ રૂલ્સનું સીધુ ઉલ્લંઘન છે તે અંગે તાત્કાલીક પગલા ભરવાની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના લીગલ સેલના ચેરમેનશ્રી યોગેશ રવાણીએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, તા. ૨૬/૧૦/૨૦૨૪ ના રોજ અનુસૂચિત જાતિના એક ફરિયાદી પોતાની ફરિયાદ માટે મહિસાગરના ડિસ્ટ્રીક્ટ કલેક્ટર પાસે પોતાની ફરિયાદ કરવા ગયા હતા તે સમયે ડિસ્ટ્રીક્ટ કલેક્ટરશ્રીએ ભારત સરકાર દ્વારા ઘડવામાં આવેલ એક્ટ્રોસીટીના કાયદો તથા સ્ત્રીઓનાં રક્ષણ માટેનો કાયદો કલમ ૪૯૮/એ આઈ.પી.સી. અંગે અયોગ્ય ટિપ્પણીઓ કરી હતી. ઓલ ઈન્ડિયા સર્વીસ (કન્ડક્ટ) રૂલ્સ દ્વારા ૧૯૬૮ની જોગવાઈના રૂલ્સ નં. ૩ અને ૭ અન્વયે ભારત સરકારના સનદી અધિકારી તેમની પાસે રજુઆત કરવા આવનાર અરજદારો તરફ રીસ્પોન્સીવ રહેવા બંધાયેલા છે. તેમાં વીકર સેક્સન તરફ વધુ રીસ્પોન્સીવ રહેવાનું છે. તેમજ રૂલ્સ નં. ૭ અન્વયે ભારત સરકારના કાયદાઓ અન્વયેતે તેની વિરૂધ્ધ કોઈ ટિપ્પણીઓ જાહેરમાં કરી ન શકે. આથી કલેક્ટરશ્રીનું વર્તન સર્વીસ કન્ડક્ટ રૂલ્સની વિરૂધ્ધનું હોઈ તે અંગે ગુજરાત સરકાર તુરંત ડિપાર્ટમેન્ટલ ઈન્કવાયરી કરી કાર્યવાહી કરવામાં આવે.

ગુજરાત બાર કાઉન્સીલના સભ્યશ્રી પરેશ વાઘેલા એ પત્રકાર પરિષદને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, પોતાની ફરિયાદ માટે ફરિયાદી ગયા હતા ત્યારે બન્ને કાયદાઓનું અપમાન કરી સમગ્ર વકીલ આલમનું અપમાન કરતાં વકીલો માટે મહિસાગરના કલેક્ટરે એવા શબ્દો વાપરેલા કે, "કામ, ધામ કુછ હે નહીં, પઢાઈ-લિખાઈ કુછ હે નહીં, ખાલી વકીલી મેં ચપ્પલ સે માર ખાને કે કામ કરતે હે" આમ જીલ્લા કલેક્ટરશ્રીએ બન્ને કાયદાઓના અપમાનની સાથે જાહેરમાં અન્ય સરકારી કર્મચારીઓની હાજરીમાં તેઓને ઉદ્દેશીને આવા અપમાનજનક શબ્દો વકીલ આલમ માટે વાપર્યા હોઈ બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ પણ સંજ્ઞાન લઈ કલેક્ટરશ્રીની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ તેવી વિનંતી છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા